ગાંધીનગર સમાચાર
તા. ૨૪-૬-૨૦૧૫, બુધવાર

તંત્રી સ્થાનેથી....

ચોથી જાગીર સામે ઝળૂંબતાં જોખમો

લોકશાહીની ચોથી જાગીર ગણાતા પત્રકારત્વ સામે ઝળૂંબી રહેલાં જોખમો વિશે બધા જ માહિતગાર છે, પરંતુ છેલ્લા મહિના દરમિયાન બનેલી બે દર્દનાક ઘટનાઓ પછી તો એમ જ માનવું પડે કે વિશ્વની સૌથી મોટી લોકશાહીમાં રાજનેતાઓથી લઇ અંધારી આલમના ખેરખાં સુધી તમામ સ્તરે મીડિયાને એની ઓકાત બતાવી દેવાના કારસા ચાલી રહ્યા છે. ઉત્તરપ્રદેશના પત્રકાર જગેન્દ્રસિંહે ત્યાંના એક માથાભારે પ્રધાનના ખાણ માફિયાઓ સાથેના સંબંધોનો ઘટસ્ફોટ કર્યો એમાં એને રાજયની પોલીસ દ્વારા પેટ્રોલ છાંટીને જીવતો જલાવી દેવામાં આવ્યો હતો. અખિલેશ મંત્રીમંડળના સદસ્ય સામે જ 'ડોઇંગ ડિલકેરેશન'માં આંગળી ચીંધાયા છતાં સમાજવાદી કે ઉત્તરપ્રદેશ સરકારે મંત્રી રામમૂર્તિ સિંહ સામે કોઇ જ પગલાં લીધાં નહીં ત્યારે નાછૂટકે મરનાર પત્રકારનો પરિવાર કેટલાક પત્રકારો સાથે ધરણાં પર બેઠો હતો. સરકારના કથિક આરોપી મંત્રી દ્વારા અને પોલીસતંત્ર દ્વારા વિવિધ પ્રકારનાં પ્રલોભનો આપી સમાધાન કરવાનું દબાણ કરાઇ રહ્યું હોવાની ફરિયાદ પણ પીડિત પરિવાર તરફથી થયેલી છે. સીબીઆઇ તપાસની માગણી પણ માન્ય કરાયેલ નથી. છેલ્લે મુખ્યમંત્રીએ જાતે પીડિત પરિવારને મળીને ત્રીસ લાખ જેવું માતબર વળતર તેમ જ બે ભાઇઓને સરકારી નોકરીની ઓફર કરતાં ધરણાં સમેટાઇ ગયાં છે. આરોપી પોલીસ કોન્સ્ટેબલોને સસ્પેન્ડ કરાયા છે, પરંતુ જેમના ઇશારે આવું જઘન્ય કૃત્ય આચરવામાં આવ્યાનો આક્ષેપ છે તે મંત્રી સામે કોઇ જ પગલાં લેવાયેલ નથી. મંત્રી પણ સરકાર દ્વારા મુકાયેલ ઉચ્ચસ્તરીય તપાસમાં ગુનેગાર ઠરશે તો એમને સીધા જેલ ભેગા કરી દેવાશે, એવું આશ્વાસન જરુર અપાયું છે. કોકડું છેક અદાલતના દ્વારે પહોંચ્યા પછી પણ ભીનું સંકેલવાની પૂરી સંભાવના છે. જે માયાવતી આ મુદ્દે અખિલેશ સરકારને આરોપીના પાંજરામાં મૂકતા રહ્યા છે એમના જ બહુજન સમાજ પાર્ટીના બે વિધાન પરિષદના સદસ્યોએ જગેન્દ્ર પરિવારને સમાધાન કરવા પ્રેર્યો હોવાનું બહાર આવ્યું છે! આવી જ બીજી ઘટના મધ્યપ્રદેશના બાલાઘાટના ખનન માફિયાઓના અત્યાચાર સ્વરુપે બહાર આવી છે. એક ફ્રીલાન્સ પત્રકારે એમની વિરુદ્ધ ઝુંબેશ ચલાવતાં એને પણ જગેન્દ્રની જેમ જીવતો બાળી મૂકવામાં આવ્યો છે. મહારાષ્ટ્રના વર્ધામાં આ ક્રૂર ઘટનાને અંજામ આપ્યા પછી પોલીસતંત્રે એમાં સામેલ ગુનેગારો પૈકી કેટલાકની ધરપકડ પણ કરી છે. પરંતુ મધ્યપ્રદેશના પૂર્વ મુખ્યમંત્રી દિગ્વિજય સિંહે બાલાઘાટના ખનન માફિયાઓને મુખ્યમંત્રી શિવરાજસિંહ ચૌહાણના સાળાનો મજબૂત ટેકો હોવાનો ઘટસ્ફોટ કરતાં અહીં પણ રાજનેતાઓ અને ગુંડાઓની સાંઠગાંઠ હોવાનું પ્રસ્થાપિત થાય છે. ત્રીજી ઘટના કાશ્મીરના એક મંત્રી દ્વારા ત્યાંના પત્રકારને લાફો મારી દેવા બાબતની છે. જો મીડિયા સાથે આવો જ બદસલૂકી ભર્યો વ્યવહાર કરાતો રહેશે તો પત્રકારો સત્યને ઉજાગર કરવાનું સાહસ નહીં દાખવી શકે, તે સમજી લેવું જોઇએ. ભારતની લોકશાહી તેમજ સરકાર - બેઉ માટે આ ઘટનાઓ કલંક સમાન જ ગણાવી જોઇએ. અદાલતોએ આ મુદ્દે વધુ પ્રો-એક્ટિવ બનવું પડશે અને સરકારે લોકતંત્રના ચોથા સ્તંભની સુરક્ષા અંગે નવેસરથી વિચારવું પડશે.

પાટનગરની શૈક્ષણિક સંસ્થાઓએ ઉત્સાહપૂર્વક યોગના આસનો કર્યા

વિશ્વ યોગ દિવસની ઉજવણીમાં શહેરની શાળાઓ, સોસાયટીઓ જોડાઈ : તંદુરસ્ત માટે યોગને મહત્વનો ગણાવ્યો

ગાંધીનગર, તા. ૨૩

રાજ્યમાં અને પાટનગરમાં આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉત્સાહપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. પાટનગમરાં સેન્ટ્રલ વિસ્ટા ગાર્ડન ખાતે મોટી

સંખ્યામાં નગરજનો, વિદ્યાર્થીઓ તેમજ અગ્રણીઓની હાજરીમાં યોગ દિવસ નિમિત્તે યોગાસનો કરવામાં આવ્યા હતા. ત્યારે શહેરની વિવિધ શાળાઓ અને સંસ્થાઓ પણ આંતરરાષ્ટ્રીય યોગ દિવસ ઉજવવામાં સહભાગી બની હતી.

● ધોળાકુવા પ્રાથમિક શાળા

ગાંધીનગર પાસેના ધોળાકુવા ગામમાં આવેલ સરકારી પ્રાથમિક શાળામાં આચાર્ય સુરીનબેન ચૌધરીની આગેવાનીમાં યોગ દિવસ મનાવવામાં આવ્યો હતો. જેમાં શાળાના શિક્ષકો, વિદ્યાર્થીઓ અને ગ્રામજનો જોડાયા હતા.

● સેક્ટર-૨૩ શેઠ સી.એમ. હાઈસ્કૂલ

યોગ દિવસની પ્રભાતે એમ.બી. પટેલ શાળાના મેદાનમાં વિદ્યાર્થીઓ, શાળા પરિવારના સભ્યોએ સવારે ૭.૦૦ કલાકે વિવિધ આસનો કર્યા હતા. યોગ ટ્રેનર મનુભાઈએ તાડાસન, વકાસન, વૃક્ષાસન, ભુજંગાસન, પાદ-હસ્તાસન, સલભાસન, મકાસન, સવાસન કરવામાં આવ્યા હતા. તેમજ યોગનો મહિમા વર્ણવ્યો હતો. યોગાસનમાં વિક્રમસમા ૧૭૦૦ વિદ્યાર્થીઓ અને ૭૫ શાળા પરિવારના સભ્યો જોડાયા હતા.

● કે.કે. પટેલ વિદ્યાલય કોલવડા

ગાંધીનગર પાસેના કોલવડા સ્થિત કે.કે. પટેલ વિદ્યાલયમાં આચાર્ય ભાવનાબા વાઘેલા સહિત શાળાના શિક્ષકો, વિદ્યાર્થીઓ અને ગ્રામજનોએ યોગ દિવસની ઉજવણી કરી હતી. શાળાના ૪૦૦ વિદ્યાર્થીઓ સહિત અગ્રણીઓએ પ્રાણાયામ, કપાલભારતિ, તાડાસન કર્યા હતા. તેમજ આચાર્યા ભાવનાબાએ યોગનું મહત્વ યોગના લાભો સહિતની જાણકારી આપી હતી.

● ઈન્ફોસીટી સ્કૂલ, સરગાસણ

સરગાસણ ખાતે આવેલ ઈન્ફોસિટી સ્કૂલમાં આંતરરાષ્ટ્રીય યોગ દિવસ મનાવવામાં આવ્યો હતો. જેમાં ધોરણ-૬ થી ૧૦ અંગ્રેજી અને ગુજરાતી માધ્યમના વિદ્યાર્થીઓએ યોગની કસરતો કરી હતી. તેમજ યોગનું મહત્વ સમજ્યુ હતુ.

● પી.પી.આર. શાહ હાઈસ્કૂલ, લીંબોદરા

જિલ્લાના લીંબોદરામાં આવેલ શ્રી પી.પી.આર. શાહ હાઈસ્કૂલમાં વિશ્વ યોગ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. શાળાના વ્યાયામ શિક્ષક વિશાલ થોરાતે વિદ્યાર્થીઓને વિવિધ પ્રકારના યોગાસનો કરાવ્યા હતા. જેમાં ધોરણ-૬ થી ૧૦ના ૩૫૦ થી વધુ વિદ્યાર્થીઓ અને મોટી સંખ્યામાં ગ્રામજનો જોડાયા હતા.

● ગોકુલબાગ સોસાયટી કુડાસણ

કુડાસણ સ્થિત ગોકુલબાગ સોસાયટીના રહિશો દ્વારા યોગ દિવસ મનાવવામાં આવ્યો હતો. સોસાયટીના રહિશોએ સવારે ૬.૪૫ વાગે

સોસાયટી કંપાઉન્ડમાં તાડાસન, પ્રાણાયમ, ત્રિકોણાસન સહિતના આસનો કર્યા હતા. યોગ ટ્રેનર જીગર બારોટે યોગની વિવિધ ક્રિયાઓ અને મહત્વ સમજાવ્યું હતું.

ઈન્ફોસીટી ખાતે યોજાયો રોકાણકાર માર્ગદર્શન સેમિનાર

ગાંધીનગરના આંગણે હવે વિવિધ વામિજય વિયક પ્રવૃત્તિઓ પણ જોરશોરથી વધી રહી છે. જેમાં નગરના રોકાણકારો માટે અનેક ઠેકાણે વિવિધ માર્ગદર્શન સેમિનાર્સ યોજાતા હોય છે. તાજેતરમાં જ ઈન્ફોસીટી કલબ એન્ડ રિસોર્ટ ખાતે રોકાણકારો માટે એક માર્ગદર્શન સેમિનાર યોજાયો હતો. જેમાં આઈસીઆઈસીઈ પ્રુડેન્શિયલ મ્યુચ્યુઅલ કંપનીના નિષ્ણાતોએ રોકાણકર્તાઓનું માર્ગદર્શન કર્યું હતું. (તસવીર : કશ્યપ નિમાવત)

જીઆઈપીએસમાં યોગ દિવસની ઉજવણી

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લિક સ્કૂલ રાંધેજા ખાતે આંતર રાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી કરવામાં આવી હતી.

આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓ, શિક્ષકો, પ્રિન્સિપાલ તેમજ સ્ટાફ ઉપસ્થિત રહી કપાલભ્રાતી, પ્રાણાયામ તેમજ ધ્યાન યોગ કરી યોગનો મહત્વ તથા કાર્યક્રમના અંતમાં દરેક બાળકને વ્યાયામ શિક્ષક દ્વારાસંકલ્પ લેવડાવ્યા હતા. સંકલ્પને અનુસરી જીવનને કેવી રીતે સમૃદ્ધ બનાવવુ તે વિશે માહિતી આપવામાં આવી હતી. કાર્યક્રમમાં સૌએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

સે-૭ ચૌધરી કોલેજમાં યોગ દિવસ ઉજવાયો

ગાંધીનગર, તા. ૨૩

સેકટર-૭ શ્રી પી.કે. ચૌધરી મહિલા આર્ટસ કોલેજ ખાતે આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. સવારે ૭-૦ વાગે કોલેજ પરિસરમાં વિદ્યાર્થીઓ અધ્યાપકોએ યોગ ક્રિયાઓ કરી હતી. જેમાં યોગાસન, પ્રાણાયામ, કપાલભ્રાતિ સહિતની ક્રિયાઓ કરી હતી. યોગ દિવસ ઉજવણીમાં પ્રિ. ડૉ. એન.કે. પટેલ, પ્રા. વિનોદભાઈ ચૌધરી સહીતના પ્રાધ્યાપકો ઉપસ્થિત રહ્યા હતા.

સાદરા વિદ્યાપીઠમાં યોગ દિવસની ઉજવણી કરાઈ

ગાંધીનગર, તા. ૨૩

ગૂજરાત વિદ્યાપીઠ સંચાલિત મહાદેવ દેસાઈ શારીરિક શિક્ષણ મહાવિદ્યાલયની રાષ્ટ્રીય સેવા યોજના એકમ દ્વારા ૨૧ જૂન વિશ્વ યોગા દિવસની ઉજવણી સાદરામાં કરવામાં આવી હતી. જેમાં મહાદેવ દેસાઈ શારીરિક શિક્ષણ મહાવિદ્યાલય,

મહાદેવ દેસાઈ ગ્રામસેવા મહાવિદ્યાલય અને સુક્ષ્મજીવાણું વિભાગના અંદાજે ૨૦૦ વિદ્યાર્થીઓએ અને સ્ટાફે ભાગ લીધો. ૧ કલાક સુધી ભારત સરકાર દ્વારા નક્કી કરેલ આસનો અને પ્રાણાયામ વિદ્યાર્થીઓને કરાવવામાં આવ્યા હતા.

આસનો અને પ્રાણાયામનું નિદર્શન વિપુલ પટેલ અને શૈલેષ પટેલે કર્યુ હતુ. કાર્યક્રમમાં મુખ્ય રૂપમાં મહાદેવ દેસાઈ શારીરિક શિક્ષણ મહાવિદ્યાલયના સંયોજક પ્રો. જમનાદાસ સાવલિયા, ડૉ. ઉદાજી પરમાર, રાષ્ટ્રીય સેવા યોજનાના ક્ષેત્રીય કેન્દ્રની અધિકારી રીતાબહેન ડિસૂજા, ડૉ. કનુભાઈ વસાવા, ડૉ. અરવિંદભાઈ રામી, પ્રભુભાઈ પંચાલ, રમેશભાઈ પટેલ અને શ્રી મોતીભાઈ દેવુંએ હાજરી આપી હતી. કાર્યક્રમ સંકલન અને સંયોજનનું કાર્ય શૈલેનભાઈ વાઘેલા અને શ્રી પ્રવીણભાઈ દુલેરાએ કર્યુ હતું. કાર્યક્રમ આયોજન અને સંકલન કરવામાં પ્રેરણા અને માર્ગદર્શનની ભૂમિકા યુથ ઓફિસર કમલકુમાર કર સાહેબ અને ગૂજરાત વિદ્યાપીઠ અમદાવાદના રાષ્ટ્રીય સેવા યોજના એકમના સંયોજક ડૉ. અરૂણભાઈ ગાંધીએ આપી હતી. કાર્યક્રમનું સંચાલન મહાદેવ દેસાઈ શારીરિક શિક્ષણ મહાવિદ્યાલયની રાષ્ટ્રીય સેવા યોજના એકમના પ્રોગ્રામ ઓફિસર ડૉ. નીરજ સિલાવટે કર્યુહતુ. રાષ્ટ્રીય સેવા યોજનાના સ્વંય સેવકોએ સાદરા પ્રાથમિક શાળા, સાદરા, જ્ઞાનધારા તીર્થશાળા, સાદરા અને મોતીપુરા પ્રાથમિક શાળા, મોતીપુરામાં યોગ દિવસ નિમિત્તે યોગ-પ્રાણાયામનું નિદર્શન કરી સંચાલન કર્યુ હતું.

ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીએ યોગ દિવસ ઉજવ્યો

ગાંધીનગર, તા. ૨૩

ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી, ગાંધીનગર દ્વારા ગાંધીનગર શહેરના નાગરિકો માટે યુનિવર્સિટી પરિસરમાં સવારે ૭-૦૦ થી ૮-૦૦ દરમિયાન સામુહિક યોગ અભ્યાસ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમ માનનીય કુલપતિ દિવ્યાંશુભાઈ દવેના માર્ગદર્શન હેઠળ સુપેરે આયોજિત થયો હતો. ચિલ્ડ્રન્સ યુનિ. પરિસર નજીકના સેકટરના ૧૫૦ જેટલા નાગરિકોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. કાર્યક્રમ દરમિયાન યોગ નિદર્શન ઋતાબહેન પરમારે કર્યું હતું. કાર્યક્રમની પ્રારંભિક ભૂમિકા નાણાં અને હિસાબી અધિકારી મેહુલભાઈ વ્યાસે બાંધી હતી. નાગરિકો રોજીંદા જીવનમાં યોગના મહ્ત્વને સમજે તે સંદર્ભે માનનીય કુલપતિ શ્રી દિવ્યાંશુભાઈ દવેએ વ્યાખ્યાન આપ્યું હતું. કાર્યક્રમનું સંચાલન મીનલબા જાડેજાએ કર્યું હતું. તથા યોગ આસનોના નિદર્શનમાં દિવ્યાબહેને સહકાર આપ્યો હતો.

ગ્રંથાલયમાં વ્યક્તિગત જ્ઞાનને સમષ્ટિગત જ્ઞાનની પાંખો ફૂટે છે

વિચારોના મધુવનમાં

પ્રા. ડૉ. રાકેશ પટેલ

પુસ્તકાલયના પગથિયાં ચડનાર વાચક વિચાર પ્રકાશથી માહ્યલાને અજવાળે છે. પુસ્તક જીવતું થાય અને ઘડીકમાં તો વાચકને વળગી પડે. પુસ્તકની સાથે દોસ્તી કરવામાં સમયનું નાણું ચાલે અન્ય નહિ. વિજ્ઞાનની સીડી પર ચડતો વિદ્યાર્થી વિજ્ઞાનિકોને સમજે છે. સાહિત્યની દુનિયામાં લટાર મારનાર વાચક કેટલાયે મનસૂબા ઘડી નાખે છે.

ગ્રંથ્ (= ગૂથવું, ગોઠવવું, પરોવવું) એવા ક્રિયાપદને લઈને બનલો શબ્દ તે ગ્રંથ. ગ્રંથી એટલે ગાંઠ. વાચકના મનની ગાંઠોને છોડવાનું કામ ગ્રંથાલય સિવાય ક્યાં શક્ય બને ? એક પુસ્તકની રચનામાં ઉપરોક્ત બધી ક્રિયાઓ એક પછી એક થાય ત્યારે જીવંત કરનારું કશુંક આપણા હાથમાં મૂકાય છે. પુસ્તકોની દુનિયામાં માત્ર ડોકિયું કરવા પણ ધીરજની જરૂર પડે. જે વાચકો પુસ્તકને પોતાનો ભેરું માની લે છે તેને મન બીજી ક્રિયાઓ કર્મકાંડ બની રહે છે. વ્યક્તિગત જ્ઞાનને સમષ્ટિગત કરવા માટેનો પુરુષાર્થ પુસ્તકાલયના આંગણે સતત લહેરાતો હોય છે.

એક સમયે વ્યક્તિનું મસ્તિષ્ક એ ગ્રંથાલયની ગરજ સારનારું હતું. ત્યારબાદ ચીન દ્વારા કાગળની શોધે મગજની માથાકૂટ ઓછી કરી. લહિયાઓને રોકીને ગ્રંથ લખાવાની શરૂઆત થઈ. ખર્ચ અને સમય ખૂબ થતો. છતાં પણ એ ક્રિયા ખૂબ ખંતથી વર્ષો સુધી ચાલી. આજે આપણી પાસે હસ્તપ્રતોમાં કિત્તાએ (કલમે) કરેલી ખેડ અક્ષરો બનીને લહેરાય છે. હસ્તપ્રતોમાં વિતાલા યુગના શ્વાસ અને ઉચ્છવાસ સતત ધમણની જેમ કશુંક પીંજતા હોય છે.

ગ્રંથાલયો ચાર બાબતોથી શોભે અને વિકસે છે. પુસ્તકો, વાચકો , કર્મચારીઓ અને ભવન. ચારમાંથી પુસ્તકો અને ભવન તો પરાધીન હોવાથી વાચક માટે સદા તત્પર હોય છે. પણ જો કર્મચારી અને વાચક સક્રીય ન હોય તો ગ્રંથાલય એ દુષ્કાળના જંગલની જેમ વેરાન બની જાય. લાયબ્રેરી એ કોલેજની લેબોરેટરી છે. માનવમનમાં ચાલી રહેલા વિચારોની બાંધણી ગ્રંથાલયમાં રચાય છે. મોટાભાગના પુસ્તકાલયોમાં પુસ્તક મૂકવાની જૂની પદ્ધતિને અનુસરવામાં આવે છે. બે પાંચ ઇંચના પુસ્તકના દર્શન માત્રથી પુસ્તકને ઓળખવું એ પુસ્તકને અન્યાય કરવા બરાબર છે. ક્રોસવર્ડ કે અન્ય આધુનિક ગ્રંથાલયોમાં પુસ્તકને એક માનવીય આધાર અને સન્માન મળે છે. ચપ્પલનો દુકાનદાર ચપ્પલને છેક પગમાં પહેરાવીને ખાતરી કરે છે કે આ જોડો કઠશે કે નહિ! પુસ્તકાલયના રેક ઘોડાને આકર્ષક અને અનુકૂળ બનાવવાથી વાચકની ખોટ ક્યારેય પડતી નથી. ગીચોગીચ રીતે ગોઠવાયેલા પુસ્તકો ચિંતકોના વિચારોને ગૂંગળાવવા બરાબર છે. ગ્રંથપાલ વાચકને ચાનક ચડાવનારો અને માહિતીનો પથદર્શક બની નવી દુનિયાનો પ્રવાસી હોય છે. રમતના મેદાનમાં જેટલા માણસો એકઠાં થાય છે એટલો જ ત્યાં કોલાહલ હોય છે, બજારમાં કેટલા બધા માણસો જોવા મળે છે એટલો જ ત્યાં ઘોંઘાટ પણ હોય છે પરંતુ મંદિરે જેટલી ભીડ થાય છે એટલા પ્રમાણમાં ત્યાં શાંતિ હોય છે; એટલા જ માણસો લાયબ્રેરીમાં પણ હોય ને છતાં એ સ્થળે મંદિરની શાંતિ અને શાંત ચિત્તે વાંચતા વાચકો હોય એવું વાતાવરણ ઉભું થઈ કરી શકાય.

૨૦૧૨ માં **National Mission on Libraries** દ્વારા આવનારા સમયમાં જ્ઞાન ક્ષેત્રે ભારત અગ્રેસર થઈ શકે અને ટેકનોલોજી સાથે પણ સુમેળ સાધી શકે તે માટે ચાર મુદ્દાઓ પર કામ કરવાનું નિર્ધારેલ હતું. જેમાં **Creation of National Virtual Library of India (NVLI), Setting up of NML Model Libraries,, Quantitative & Qualitative Survey of Libraries** અને **Capacity Building** વિષયો હતા. **NML** અંતર્ગત મિનિસ્ટ્રી ઓફ કલ્ચર ૦૬ ગ્રંથાલયો, ૩૫ સેન્ટ્રલ લાયબ્રેરી બનશે જે આર્થિક પછાત વિસ્તારોમાં કાર્યરત હશે, અને ૬૨૯ જિલ્લા કક્ષાની ઈન્ટરનેટ સુવિધા સાથેની લાયબ્રેરીઝ બનાવવાનું નિર્ધારેલ થયું હતું.

સાંસ્કૃતિક મંત્રાલય દ્વારા સંચાલીત કલકત્તા સ્થિત ' રાજારામ મોહનરાય ફાઉંડેશન લેખકોને આર્થિક મદદ અર્થે પુસ્તક ખરીદીનું ઉત્તમ કાર્ય કરે છે. **The Directory of Open Access Repositories – OpenDOAR** અંતર્ગત **Search for repositories ,Search repository contents , List of repositories** અને **Repository Statistics** પ્રાપ્ય છે. ભારતીય ગ્રંથાલય એસોસિયેશન લાયબ્રેરીના વિકાસ અંગેનું કાર્ય કરે છે. **(http://www.ilaindia.net/)** જેમાં યુનિવર્સિટીથી શરૂ કરી વ્યક્તિગત રીતે રસ ધરાવનાર લાભ લઈ શકે છે. **ILA** ૧૯૩૩ થી કલકત્તામાં અને ૧૯૬૪ થી દિલ્હીમાં કાર્યરત છે. તાલીમ , વિકાસ પ્રવૃત્તિ, સંશોધન,મૂલ્યાંકન પ્રણાલી, વિવિધ પુસ્તકો સામયિકોનું પ્રકાશન, વિવિધ સેમિનાર આયોજન , ગ્રંથાલયોની સ્થાપના અને માહિતી કેન્દ્રોની સ્થાપના જેવા ઉમદા કાર્યો કરે છે. **http://www.gutenberg.org** પર લગભગ ૫૦ હજાર વિવિધ વિષયોના પુસ્તકો ઓનલાઈન હાજર છે.

બેંગલોર ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ સાયન્સ અને કાર્નેગી મેલન યુનિવર્સિટી, યુએસએ સાથે મળીને મેગા કેન્દ્રો અને સ્કેનિંગ કેન્દ્રો ઉપર કામ કરી રહ્યા છે. આ કેન્દ્રો માટે સ્કેનર્સ તેના મિલિયન બુક યુનિવર્સલ ડિજિટલ લાયબ્રેરી યોજના હેઠળ, કાર્નેગી મેલન યુનિવર્સિટી, યુએસએ દ્વારા પૂરી પાડવામાં આવ્યા હતા. 'ડિજિટલ લાયબ્રેરી ઓફ ઈન્ડિયા **(www.dli.ernet.in)** વેબ સાઈટ પર સક્રિય છે .

વિશ્વમાં બેનમૂન સ્થાપત્યમાં વોશિંગ્ટનની લાયબ્રેરી ઓફ કોંગ્રેસ બાદ વડોદરાની આ લાયબ્રેરીનો સમાવેશ થાય છે. ૧૯૧૦માં મહારાજાએ લાયબ્રેરીની ફર્શ બનાવવા માટે બેલ્જિયમથી લાદી મંગાવેલી. ચાર માળમાં ફેલાયેલી આ લાયબ્રેરીમાં પુસ્તકોની સંખ્યા ૩.૫ લાખથી વધુ છે! વડોદરા શહેર ચાર દરવાજા પૂરતું સીમિત હતું, ત્યારે સન ૧૯૧૦માં ભૂતપૂર્વ મહારાજા સયાજીરાવ ગાયકવાડે સંસ્કારનગરીની પ્રજા માટે સેન્ટ્રલ લાયબ્રેરી (મધ્યવર્તી પુસ્તકાલય)ની સ્થાપના કરી હતી. વિશ્વમાં બેનમૂન સ્થાપત્યમાં વોશિંગ્ટનની લાઈબ્રેરી ઓફ કોંગ્રેસ બાદ સેન્ટ્રલ લાયબ્રેરીનો નંબર આવે છે. એક સમયે પુસ્તકાલયના ૩૫ર રેકમાં સાડા ત્રણ લાખ પુસ્તકો રહેતાં. સમય જતાં કેટલાંક પુસ્તકો જીર્ણ થયાં એટલે આજે પુસ્તકોની સંખ્યા ૨.૪૦ લાખ જેટલી છે.

મહારાજાએ લાયબ્રેરીના બાંધકામમાં જરા પણ કચાશ ન રહે તેનું ખાસ ધ્યાન રાખ્યું હતું. લાયબ્રેરીના ચારેય માળની ફર્શ, સિમેન્ટ અને કોંક્રિટની લાદીઓને બદલે ખાસ બેલ્જિયમથી મંગાવેલા ૨ સેમી. જાડા કાચના ૭૧૯ નંગ બિછાવીને તૈયાર કરવામાં આવેલી છે. એટલે પુસ્તકાલય થોડા અંશે ફાયરપ્રૂફ બની ગયું. કાચની ફર્શ ઝડપથી સળગે નહીં એટલે ન કરે નારાયણ ને ક્યારેક લાયબ્રેરીમાં આગ લાગે તો પણ પુસ્તકાલયને ઓછામાં ઓછું નુકસાન થાય. લાયબ્રેરીની બારીઓ એ રીતે ગોઠવાયેલી છે કે સુર્યાસ્તથી સૂર્યોદય સુધી દરેક ખૂણે પ્રકાશ મળતો રહે છે!

મહારાજાએ અમેરિકાના ગ્રંથપાલ ડબલ્યૂ.એ.બોર્ડનને વડોદરા બોલાવી રાજયના ગ્રંથપાલ નિયામક તરીકે નિમ્યા હતા. વડોદરા રાજયની પ્રજા માટે નિઃશુલ્ક ગ્રંથાલય સેવા આપવાનો યશ સૌપ્રથમ સયાજીરાવ ગાયકવાડને જાય છે. અહીંના સંસ્કૃત વિભાગમાં ૩,૨૦૭ હસ્તપ્રતો હતી. તેમાં દેશભરમાંથી અમૂલ્ય અને અપ્રાપ્ય એવી ૧૦,૦૦૦ હસ્તપ્રતો મેળવીને ઉમેરવામાં આવી છે. હાલ સંસ્કૃત પુસ્તકો અને ૧૩,૨૦૭ હસ્તપ્રતો વડોદરા ઓરિએન્ટલ ઈન્સ્ટિટયૂટને આપવામાં આવ્યાં છે. મધ્યવર્તી પુસ્તકાલયની શરૂઆત કરી ત્યારે મહારાજાએ પોતાના અંગત સંગ્રહાલયમાંથી ૨૦,૦૦૦ પુસ્તકો ગ્રંથાલયને ભેટ સ્વરૂપે આપ્યાં હતાં.

ગ્રંથાલય ક્ષેત્રે સેવા આપતા કર્મચારીઓને તાલીમ મળી રહે તે માટે સને ૧૯૧૨માં દેશમાં સૌપ્રથમ મધ્યવર્તી પુસ્તકાલય વડોદરામાં ગ્રંથાલય તાલીમ વર્ગ શરૂ કરવામાં આવ્યો હતો. આ જ રીતે સને ૧૯૧૨માં ગ્રંથાલય વિષયક ત્રિમાસિક મેગેઝિન 'લાઈબ્રેરી મીસેલિની પણ આ ગ્રંથાલયે શરૂ કરેલું. દેશમાં સૌપ્રથમ ૧૯૨૫માં ગ્રંથાલય મંડળ સ્થાપવાનું શ્રેય પણ આ ગ્રંથાલયને મળેલું છે.

૧૯૬૦માં ગુજરાત રાજયની રચના થયા બાદ મધ્યવર્તી પુસ્તકાલય, ગાંધીનગરનું પુસ્તકાલય ગુજરાત રાજયનું પ્રથમ કક્ષાનું જાહેર ગ્રંથાલય તો છે જ સાથોસાથ રાષ્ટ્રીય કક્ષાએ પણ અગત્ય ધરાવે છે. રૂ.૪૨ લાખના ખર્ચથી આ ગ્રંથાલયને આધુનિક ઓપ આપવામાં આવ્યો છે. રાજયમાં ગાંધીનગર બાદ મધ્યવર્તી પુસ્તકાલયમાં રેડિયો ફ્રિકવન્સી આઈડેન્ટિફાઈ ડિવાઈસ સિસ્ટમ ફીટ કરવામાં આવી છે. જેથી કોઈ વિદ્યાર્થી કે વ્યક્તિ પુસ્તક જમા કરાવ્યા વગર સિક્યુરિટી ગેટમાંથી પસાર થાય, તો તરત જ બીપ... બીપ... અવાજ થાય છે.

આખી લાયબ્રેરી કમ્પ્યૂટરાઈઝ્ડ છે એટલે કોઈ લેખકપુસ્તક કે વિષય આધારે અમુક પુસ્તક છે કે નહીં એ જાણી શકાય છે. જે વિદ્યાર્થીઓ પુસ્તકોનો ખર્ચ ઉઠાવી શકતા ન હોય તેમના માટે થોડા સમય પહેલાં જ નવો ટેક્સ બુક વિભાગ બનાવવામાં આવ્યો છે. કોઈ વિદ્યાર્થીને ક્લાર્કથી લઈને આઈ.પી.એસ., આઈ.એ.એસ., ટોફેલ, કેટ, જેવી સ્પર્ધાત્મક પરીક્ષાઓ આપવી હોય તો તેમના માટે પણ પુસ્તકોની વ્યવસ્થા કરવામાં આવી છે. આ સાથે મોબાઈલ લાઈબ્રેરી (વાહન) દ્વારા ૧૧૬ ગામડાંમાં પુસ્તકો પહોંચાડવામાં આવે છે.

કે. જે. ચોકસી લાયબ્રેરી એ ગુજરાતના જાણીતા શહેર ભરૂચમાં આવેલું એક અદ્યતન પુસ્તકાલય છે. ચોકસી ચેરીટેબલ ટ્રસ્ટ નામની સામાજિક સંસ્થા દ્વારા કે જે ચોકસી પબ્લિક લાયબ્રેરી નામથી આ પુસ્તકાલયની સ્થાપના અઢાવીસમી મે, ૨૦૦૮ના દિવસે કરવામાં આવી હતી. વલ્લભ વિદ્યાનગરમાં રિજિયોનલ લાયબ્રેરી ઈન મેથેમેટિક્સ એક મહત્ત્વની સંસ્થા છે.